# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૬/૦૩/૨૦૧૮

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાના સંકલ્પ સાથે રામનવમીના શુભ દિવસથી શરૂ થયેલું "તાપી શુદ્ધિકરણ" મહાઅભિયાન બીજા દિવસે પણ આગળ વધ્યું હતું. રવિવારે રજાના દિવસે મેગાસ્કેલ પર શરૂ થયેલા આ અભિયાનના બીજા દિવસે દરેક સ્પોટ પર માત્ર એક વોર્ડ અને એક સંસ્થાને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. ફીશીંગ નેટ અને યાંત્રિક હોડીઓના ઉપયોગથી જળકુંભી વધુ સરળતાથી વધુ પ્રમાણમાં કાઢવાનું શક્ય બન્યું હતું. નિયત કરેલા પાંચેય સ્પોટ સિંગણપોર કોઝવે કમ વિયર, રાંદેર ઈન્ટેકવેલ, કતારગામ વોટર વર્કસ, વરાછા વોટર વર્કસ, સરથાણા વોટર વર્કસ ખાતે ઘણો મોટો જળવિસ્તાર જળકુંભી મુક્ત કરી શકાયો હતો.

આજના દિવસે પાંચેય સ્પોટ પર મળીને કુલ ૮૮૬ મેટ્રીક ક્યુબ જેટલી જળકુંભી દૂર કરી શકાઈ હતી.

આજે સફાઈ અભિયાનમાં સિંગણપોર કોઝવે કમ વિયર ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૧૯, ૨૦ તથા સેવાભાવી સંસ્થાઓ મહિલા તાલીમ અને બાળ વિકાસ

ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી સુરત રાણા સમાજ મહિલા ફોરમ, જાયન્ટસ ગ્રૃપ ઓફ ગ્રેટર, સુરત વિગેરે સંસ્થાના સભ્યો જોડાયા હતા.

આજે સફાઈ અભિયાનમાં રાંદેર ઈન્ટેકવેલ, જહાંગીરપુરા ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૨૧,૨૬ તથા સેવાભાવી સંસ્થાઓ સુમીરોવ ફાઉન્ડેશન વિગેરે સંસ્થાના સભ્યો જોડાયા હતા.

આજે સફાઈ અભિયાનમાં કતારગામ વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૨,૧૧ તથા સેવાભાવી સંસ્થાઓ રત્નાસાગર વિદ્યાલય, ભારત માતા કી જય સમિતિ વિગેરે સંસ્થાના સભ્યો જોડાયા હતા.

આજે સફાઈ અભિયાનમાં વરાછા વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૧૩,૧૪ તથા સેવાભાવી સંસ્થાઓ યંગ સ્ટાર ચેરીટેબલ ટ્રસ્ટ વિગેરે સંસ્થાના સભ્યો જોડાયા હતા.

આજે સફાઈ અભિયાનમાં સરથાણા વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૧૬,૧૭ તથા સેવાભાવી સંસ્થાઓના સભ્યો જોડાયા હતા.

આવતીકાલે અભિયાનના ત્રીજા દિવસે સિંગણપોર કોઝવે કમ વિયર ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૨૨,૨૩ તથા સેવાભાવી સંસ્થાઓ લાયન્સ કલબ ઓફ સીટી લાઈટ, શ્રી સુરતી મોઢ વણિક માતંગી સેવા મંડળ વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે અભિયાનના ત્રીજા દિવસે રાંદેર ઈન્ટેકવેલ, જહાંગીરપુરા ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૨૮,૨૯ તથા સેવાભાવી સંસ્થાઓ ગાયત્રી પરિવાર, ભટાર વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે અભિયાનના ત્રીજા દિવસે કતારગામ વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૭,૧૨ તથા સેવાભાવી સંસ્થાઓ ઉતર ભારતીય સેલ (BJP), માલધારી સમાજ વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે અભિયાનના ત્રીજા દિવસે વરાછા વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૧૮,૨૭ તથા વિવિધ સેવાભાવી સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે અભિયાનના ત્રીજા દિવસે સરથાણા વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૨૪,૨૫ તથા વિવિધ સેવાભાવી સંસ્થાના સભ્યો જોડાશે.





